જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત
સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક, જીઆવ બુડિયા રોડ, ભેસ્તાન, સુરત
Phone:: (0261) 2916003,2916040
E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org

જા.નં : DIET/IFIC/ INDUCTION TRAINING / 2025-26 7124-8698 તા. 12/03/2026

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ/મોડેલ/આશ્રમ માધ્યમિક શાળાઓ,તમામ
જિલ્લો: સુરત.

મુ.શિક્ષકશ્રી,
સરકારી પ્રાથમિક શાળાઓ, તમામ
જિલ્લો: સુરત

**વિષય : નવનિયુક્ત શિક્ષકો માટેની ટીચીંગ સ્કિલ આધારિત ઇન્ડકશન તાલીમ બાદ શિક્ષકોના પ્રતિભાવો મેળવવા બાબત.**

સંદર્ભ : જીસીઈઆરટી/તાલીમ/2025-26/8705-38,તા.10/03/2026.

મહોદય/મહોદયા,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ પ્રણાલીને સમર્થન મળે તેમજ શિક્ષણ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાના હેતુસર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત શિક્ષણ વ્યવસ્થામાં થઇ રહેલ મૂળભૂત બદલાવના કેન્દ્રમાં આવશ્યકપણે શિક્ષક જ હોવો જોઈએ તેવું સૂચન કરેલ છે. આ નીતિના અમલીકરણ દ્વારા શિક્ષણના પ્રત્યેક સ્તર પર શિક્ષકોને સમાજના સર્વાધિક સન્માનનીય અને અનિવાર્ય સભ્યના રૂપમાં પુનઃસ્થાપિત કરવામાં મદદ મળે તેવું આયોજન કરવું જરૂરી છે, કારણકે શિક્ષક જ આવનાર પેઢીને સાચા અર્થમાં યોગ્ય દિશામાં આકાર આપી શકે. આ નીતિ દ્વારા શિક્ષકોને સક્ષમ બનાવવા શાળાના વર્ગખંડ વ્યવહારમાં ગુણવત્તા લાવવા સેવાકાલીન તાલીમ કાર્યક્રમો સુદૃઢ અને અસરકારક બનાવવા શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટેના પ્રયત્નો કરવા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ભાર આપવામાં આવ્યો છે.

નવનિયુક્ત શિક્ષકો દ્વારા વર્ગખંડ પ્રક્રિયા સમૃધ્ધ બને તે હેતુસર તેઓને ટીચીંગ સ્કિલ આધારિત ઇન્ડક્શન તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ના અનુસંધાને વર્ગખંડ શૈક્ષણિકકાર્ય ગુણવત્તાસભર બને, શિક્ષકો વર્ગખંડમાં ઇનોવેટીવ પેડાગોજીનો ઉપયોગ કરે તેમજ વિવિધ ટીચીંગ સ્કિલ જેવી કે, (1) Lesson Planning (પાઠ આયોજન કૌશલ્ય ), (2) Content Presentation Skill (વિષય રજૂઆત કૌશલ્ય) (3) Resource Materials અને Technology નો ઉપયોગ, (4) Questioning Skill (પ્રશ્ન પૂછવાનું કૌશલ્ય) અને (4) Assessment Skill (મૂલ્યાંકન કૌશલ્ય) નો અસરકારક ઉપયોગ માટે શિક્ષકો સજ્જ બને તે માટે પ્રાથમિક (ધો. 3 થી 5) તેમજ માધ્યમિક(ધોરણ 9 થી 10)ના નવનિયુક્ત શિક્ષકો માટે તારીખઃ 29, 30 ઓકટોબર 2025 અને તારીખઃ 1, 3, 4 નવેમ્બર 2025 એમ કુલ 05 (પાંચ) દિવસીય તાલીમનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ હતુ.આ ઉપરાંત પ્રાથમિક(ધોરણ 6 થી 8)ના નવનિયુક્ત વિદ્યાસહાયકો માટે તા. 03/02/2026 થી તા. 07/02/2026 પણ આ જ પ્રકારની પાંચ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંદર્ભપત્ર અનુસાર આ તાલીમ મેળવનાર તમામ નવનિયુક્ત શિક્ષકોએ તાલીમના અમલીકરણ સંબંધિત માહિતી દર્શાવતુ ગૂગલ ફોર્મ આ સાથે દર્શાવેલ QR કોડ અથવા લિંકનાં માધ્યમથી તારીખ: 31/03/2026 સુધીમાં ભરવા આથી જણાવવામાં આવે છે.

: https://forms.gle/PQCZZ3EqqpSpjwbGA

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરત

આપની શાળામાં આ તાલીમ લીધેલ નવનિયુક્ત શિક્ષકો હોય તો તેઓ આ ગૂગલ ફોર્મ આપેલ સમયમર્યાદામાં ભરી આપે તે માટે સંબંધિત કાર્યવાહી કરશો.

નકલ સવિનય રવાના જાણ સારૂં :
- સચિવશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર
- રીડરશ્રી, તાલીમશાખા,જીસીઈઆરટી, ગાંધીનગર

નકલ રવાના જાણ તથા અમલ સારૂં :
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત.
- શાસનાધીકારીશ્રી, ન.શિ.સમિતિ, સુરત
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સંબંધિત તાલુકા જિ-સુરત
- બી./યુ.આર.સી.કો.ઓ.તમામ,જિ-સુરત (સંબંધિતોને જાણ કરવા સારૂં)